રાજ્યના કાયમી ધોરણે બંધ થયેલ વીજ જોડાણવાળા ગ્રાહકો/બીન ગ્રાહકોનાં બાકી લ્હેણાંની વસુલાત માટેની "એક વખતની માફી યોજના-૨૦૧૭"

ગુજરાત સરકાર
ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ
ઠરાવ ક્રમાંક : જીયુવી-૨૦૧૬-૩૧૭૦-ક૧,
નવા સચિવાલય, ગાંધીનગર
તારીખ : ૧૯-૦૨-૨૦૧૯

વંચાણે લીધા:

(૧) ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનાં ઠરાવ ક્રમાંક: જીયુવી-૨૦૧૬-૩૧૭૦-ક૧, તા. ૧૨/૧૦/૨૦૧૭.
(૨) ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનાં ઠરાવ ક્રમાંક: જીયુવી-૨૦૧૬-૩૧૭૦-ક૧, તા. ૧૮/૧૦/૨૦૧૭.
(૩) ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનાં ઠરાવ ક્રમાંક: જીયુવી-૨૦૧૬-૩૧૭૦-ક૧, તા. ૨૫/૦૪/૨૦૧૭.
(૪) ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનાં ઠરાવ ક્રમાંક: જીયુવી-૨૦૧૬-૩૧૭૦-ક૧, તા. ૦૯/૦૫/૨૦૧૮.
(૫) ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનાં ઠરાવ ક્રમાંક: જીયુવી-૨૦૧૬-૩૧૭૦-ક૧, તા. ૨૫/૦૭/૨૦૧૮.
(૬) ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનાં ઠરાવ ક્રમાંક: જીયુવી-૨૦૧૬-૩૧૭૦-ક૧, તા. ૦૧/૧૦/૨૦૧૮.
(૭) ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનાં ઠરાવ ક્રમાંક: જીયુવી-૨૦૧૬-૩૧૭૦-ક૧, તા. ૦૩/૧૦/૨૦૧૮.

**ઠરાવ :-**

રાજ્ય સરકારશ્રી દ્વારા રાજ્યના વીજ ગ્રાહકો/બીન ગ્રાહકોની લ્હેણી રકમની વસુલાત માટેની "માફી યોજના-૨૦૧૭" વંચાણે લીધેલ ક્રમાંક (૧) ના તારીખ ૧૨-૧૦-૨૦૧૭ ના ઠરાવથી જાહેર કરવામાં આવેલ હતી. ત્યારબાદ વંચાણે લીધા ક્રમાંક (૨) થી (૭) સામેના ઠરાવોથી આ યોજનાના લાભાર્થીઓ તેમજ યોજનામાં જોડાવા માટેની સમય મર્યાદામાં વધારો કરવામાં આવેલ હતો. છેલ્લે આ યોજનામાં જોડાવવા માટેની તારીખ ૩૧-૧૨-૨૦૧૮ નિયત કરવામાં આવેલ હતી. આ યોજનાની વખતો વખત અલગ અલગ તબક્કે / કક્ષાએ આ યોજનાની સમીક્ષા પણ કરવામાં આવેલ છે. તારીખ ૦૩-૧૨-૨૦૧૮ના રોજ માન. મંત્રીશ્રી (ઉર્જા) ની અધ્યક્ષતામાં મળેલ બેઠકમાં આ યોજનાની સમીક્ષા કરવામાં આવેલ. જેમાં ૮ (આઠ) માસ જેટલા સમયબાદ પણ ખૂબ જ ઓછા પ્રમાણમાં આ યોજનાનો લાભ ગ્રાહકો/બિન ગ્રાહકોએ લાભ લીધેલ હોવાનું જણાતા આ યોજનાનો વ્યાપ વધારવાની વિચારણા હાથ ધરવાનું નક્કી થયેલ. જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઉક્ત વિગતોએ પુખ્ત વિચારણાને અંતે ચાલુ વર્ષે રાજ્યમાં અપૂરતા વરસાદના કારણે સર્જાયેલ અછતના સમયમાં વીજળી પ્રાપ્ત થતાં ખેડુતોને સિંચાઇ સુવિધા મળવાથી ખેત ઉત્પાદનમાં વધારો થાય અને તેમની આવક વધતા તેમનું જીવન ધોરણ સુધરે,વીજ જોડાણો ચાલુ થતાં ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારોને મોટી રાહત મળે અને તેમનું જીવન સુવિધાપૂર્ણ બને, ગ્રામ્ય વિસ્તારોમાં ગૃહ ઉદ્યોગો ધમધમતા થાય, વિદ્યુત પુરવઠો પુનઃ સ્થાપિત થવાના કારણે ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારોના સંતાનો અભ્યાસમાં વધુ ધ્યાન આપી શકે, વીજ બીલનાં બાકી નાણા વસુલ કરવા માટે થયેલ કોર્ટ કેસોનુ ભારણ ઓછુ થાય તેમજ કાનુની પ્રકિયા માટે થતાં ખર્ચ અને સમયમાં ઘટાડો થાય તે હેતુથી રાજ્ય સરકાર દ્વારા અમુક પ્રકારના ગ્રાહકો/બિન ગ્રાહકો પાસેથી તેમના બાકી લેણા પૈકી ફક્ત રૂ. ૫૦૦/- (અંકે રૂપિયા પાંચસો પૂરા) વસૂલી એક વખતની સંપૂર્ણ વીજ માફી યોજનાનો લાભ આપવાનું તથા બાકી રહેતાં ગ્રાહકો/બિન ગ્રાહકોને વિભાગના વંચાણે લીધા ક્રમાંક (૧) થી (૭) સામેના ઠરાવો થી નિયત થયા મુજબની યોજનામાં જોડાવા માટેની મુદ્દતમાં વધારો કરવાની નીચેની શરતોને આધિન સરકારશ્રીની આથી મંજુરી આપવાનું ઠરાવવામાં આવે છે.